समग्र शिक्षा
Samagra Shiksha

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડિનેટરની કચેરી
૫૦૨, સમગ્ર શિક્ષા, શિક્ષણ શાખા,
જિલ્લા પંચાયત, કુમસા–વેસુરોડ,
પીપલોદ, જિ. સુરત
ફોન/ફેક્સ નં. ૦૨૬૧ ૨૫૯૪૮૧૮
E mail : - dpcsurat@gmail.com
Toll Free no. 1800 233 4820

ન.જિ.પ,શિ.સ/.એસ.એસ.એ./એમ.આઇ.એસ./૨૦૨૫ /૨૪૭૦૮ - ૨૫૭૭૮ તા. ૨૨/૧/૨૦૨૬

પ્રતિ
આચાર્યશ્રી (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા તમામ )
સરકારી ,ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળા તમામ, જીલ્લો - સુરત

વિષય : રાજ્યના તમામ વિદ્યાર્થીઓના APAAR ID બનાવવાની કામગીરી ૩૧-૦૧-૨૦૨૬ સુધી પૂર્ણ કરવા બાબત
સંદર્ભ: એસ પી ઓ કચેરીનો પત્રક્રમાંક:SSA/MIS/2026/૨૮૪૦-૨૯૧૧, તા-૧૫/૦૧/૨૦૨૬

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યની તમામ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે APAAR ID જનરેટ કરવાની કામગીરી રાજ્યની કચેરી દ્વારા સમયાંતરે આપેલ સૂચનાઓ અનુસાર શાળા કક્ષાએ અમલમાં મૂકવામાં આવી રહી છે.

APAAR IDનો મુખ્ય હેતુ વિદ્યાર્થીની શૈક્ષણિક યાત્રાનો સમગ્ર અને સરળ રેકોર્ડ તૈયાર કરવાનો છે, જેમાં વિદ્યાર્થીના શૈક્ષણિક તેમજ સહ-શૈક્ષણિક તમામ મહત્વના તબક્કાઓ આવરી લેવામાં આવે. APAAR IDને એકમાત્ર વિદ્યાર્થી ઓળખ તરીકે સ્થાપિત કરવાથી વિદ્યાર્થીની સમગ્ર યાત્રા એકીકૃત રીતે પ્રતિબિંબિત થશે, જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020ના ડિજિટલ ટેકનોલોજી દ્વારા શૈક્ષણિક પરિણામોનું ટ્રેકિંગ અને "Ease of Schooling" ને મજબૂત આધાર પૂરો પાડવાના દૃષ્ટિકોણ સાથે સુસંગત છે.

શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રમાંક: D.O. No.1-27/2023-DIGED-Part (6), તા-૩૦/૧૨ /૨૦૨૫ નાં પત્ર દ્વારા રાજ્યો/ કેન્દ્રશાસિત પ્રદેશોને તમામ વિદ્યાર્થીઓ માટે **APAAR ID સર્જનની કામગીરી તારીખ 31/01/2026 સુધી પૂર્ણ કરવાની સૂચના** આપવામાં આવેલ છે.

ઉપરોક્ત સૂચનાઓ આપના તાબા હેઠળની તમામ શાળાઓ સુધી પહોંચાડવામાં આવે તથા નિર્ધારિત સમયમર્યાદા મુજબ તમામ વિદ્યાર્થીઓ માટે **APAAR ID સર્જનની કામગીરી તારીખ 31/01/2026 સુધી પૂર્ણ થાય** તે સુનિશ્ચિત કરવા તાલુકા કક્ષાએ દૈનિક મોનિટરિંગ, પ્રગતિ સમીક્ષા અને જરૂરી અનુસરણ કાર્યવાહી હાથ ધરવામાં આવે તે માટે આથી સૂચના આપવામાં આવે છે.

આ બાબતને અત્યંત પ્રાથમિકતા આપીને નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા આપનો સહકાર અપેક્ષિત છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત

**<u>સવિનય નકલ રવાના:</u>**

- સ્ટેટ એમ.આઇ.એસ.શ્રી, ગાંધીનગર .

**<u>નકલ રવાના :</u>**

- શિક્ષણ નિરીક્ષકશ્રી/મદદ. શિક્ષણ નિરીક્ષકશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી ની કચેરી ,સુરત(આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ તથા કાર્યવાહી કરાવવા સારું )
- બી આર સી કો. / સી આર સી કો.શ્રી તમામ , સમગ્ર શિક્ષા, સુરત( તમામ શાળાને જાણ તથા કાર્યવાહી કરાવવા સારું)